

શ્રી વિશ્વ વિનોદ નાટક કંપની.

વિર પ્રતાપ.

નાટકનાં ગાયનો અને ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વિશ્વ વિનોદ નાટક કંપનીના માલેકો.

વીરમગામ.

મેનેજર:—

મયાશંકર રેવાશંકર મહેતા

વીરમગામ ધી ન્યુ પ્રીન્ટીંગ પ્રેસમાં

શા મફતલાલ માણેકલાલે છાપ્યું.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦

સને ૧૯૨૩.

કીમત ત્રણ આના.

વીર પ્રતાપ નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગળાચરણ -અધોગતી

દુર્દશા ઐક્ય [illegible] પ્રભાવ [illegible]

પ્રવેશ ૧ લો.-પડદો

[illegible] પ્રતીબન્ધમાં ઉભેલા પ્રના

દુર્દશા અટકાવવા આર્ય ઇસ્લા [illegible]

રક્ષાનો દ્રઢ વીચાર બાદ બહાદુર આવતા ભાર્ત ભુમીના [illegible]

ભુપર સજ્જડ તકરાર અભીમાની બહાદુરનું સ્વાર્થ આગળ [illegible] તુચ્છ જણાવી ભુજબળપર અભીમાન કેદીઓની [illegible] અને અનાદર યુદ્ધ દીલાવરે કેદ. (ટેબલો)

પ્રવેશ ૨ જો.-(કોમીક) જુઠો તથા ચતુર નામના વાણીઆ દીલ્લીના ઠગ બની ભૂલામણીને જાળમાં ફસાવે છે. અને શાહુકારી ની બડાઇ કરી જાળ પાથરે છે. તેવામાં ભૂલામણીની નાની બેન કસ્તુરીનું આગમન તેને જોઇ ચતુરનું તેનાપર આશક્ત પડવું ભૂલામણીએ જુઠા તથા ચતુરને આમંત્રણ આપી ઘેર બોલાવવા તથા સગવડ [illegible] પોતાના બાપ પાસે રવાંના કરવી પાછળથી જુઠા તથા ભુ[illegible]ર અને તેને ઘેર લઇ જવું.

પ્રવેશ ૩ જો-બહાદુરની છાવણી પોતાને બ[illegible] [illegible]દુરના ગર્વની પરીસીમાં સુ[illegible]બંધ દીલાવરથી ગ[illegible] [illegible]વાની માગણી વીર દીલાવર માતૃ ભુમિ પ્ર[illegible]નો [illegible] પ્રાણને તુચ્છ કરી આર્ય ઇસ્લામી ઐક્યતા માટે પ્રાણનું [illegible] તૈયાર થવું ઐક્યતાપર સજ્જડ [illegible] વીચાર [illegible] નીકળેલ પ્રતાપ અગ્નીના સમય [illegible] સાબીત કરવી દેશ રક્ષા અને [illegible] પ્ર[illegible] દીલાવરને બંધન મુક્ત કરી પડ[illegible]

પ્રવેશ ૪ થો.-(કોમીક) કસ્તુરી યૌવનમાં મલકાતી યાર શોધવા ને ... કરે છે. તેવામાં ચતુર પાછળથી આવી તેને ફસાવવાનો તાલ કરવો, બનેનો પ્રેમ વીનોદ અને પ્રથમ પ્યારમાં ચતુરને આંધળો પાટી બનાવી રસ્તે પડે છે. પાછળથી જુઠાનું આગમન અને તેને આંધલો પાડી બનવાનું કારણ પુછતાં કસ્તુરીએ ગમત કરેલી જણાય છે જુઠાએ ચતુરને કસ્તુરી સાથે પરણાવવાની પ્રતીજ્ઞા, પ્રપંચ કરી ચતુરને નોકર બનાવી પોતાના કાકાની માંદગીના ખબર આપવા તથા બાજે પ્રપંચ પોતાની મા મરી જવાથી રૂપિયા પાંચ કરોડનો વારસો મલવાનો છે. આવા ગપગોલા ચલાવી ભુલામણીના બાપને ફસાવવો અને ત્યાંથી જલ્દી જવા તૈયારી કરવો જેથી ભુલામણીનો બાપ પોતાની દીકરીનો હસ્તમેળાપ કરી આપવો. અને પાછળથી બન્નેનો પ્રેમ વીનોદ

પ્રવેશ ૫ મો.-વસંતોદ્યાન આર્ગો ઇસ્લામીયોની એકયતા રૂપી ખીલી રહેલી ભારતની વસંત ૠતુ માટે વીરમણીની સખીયોની પ્રસંસા વીરમણીની યુવાવસ્થાની અંતર પીડા. પ્રેમ પ્રતાપનું પ્રથમ પ્રેમ દર્શન વીરમણી પ્રેમ મહીમા વીષે રહયોદગાર પ્રતાપના ચાતુર્યયુકત સચોટ પ્રત્યુતરથી પ્રસન્ન થઇ મનોદપ્રાપ્તીની વીરમણીનું ઇનામ આપવા બંધાવું ભદ્રકુમાર સૌંદર્યોદ માન્દ પ્રતાપ પ્રગટ થતાં પ્રેમમાગણી મોહાશક્તિ માં ઇર્ષાળુ બનેલા ભદ્રકુમાર પ્રગટ થતાં રંગમાં ભંગ અને મનની વાત મનમાંજ રહેતાં પ્રેમીયુગલનું પ્રથમ પ્રેમ દર્શને વિખુટા પડવું.

પ્રવેશ ૬ ઠો.-ઉસ્કેરાયલો બહાદુર પોતાના સરદાર સાથે વીરમણી ને ઉપાડવી આવવાની મસલત આખરે એકજ ઠગાવ વીરમણીને બગીચામાંથી ઉપાડવી પ્રેમઘેલી વીરમણી સાથે સખીઓનો હાસ્ય વીનોદ બાદ ભદ્રકુમાર આવી પ્રેમ માગણી કરતા વીરમણીના ઉડાઉ જવાબ- ભદ્રકુમારના ક્રોધ સામે વીરમણીની અડગતા પોતાના પ્રેમમા પ્રતાપને આડો આવતાં જાણી કુટીલ ભદ્રકુમારે મીત્ર ધર્મ ભુલી વેરમાટે ઉસ્કેરાવુ વીરમણીને તારતા અને ભદ્રકુમારનું અપમાન બે સખીઓએ પીસ્તોલો લઇ વીરમણીના શીયળનો બચાવ. (ટેબલો)

પ્રવેશ ૭ મો.-બગીચો, વીરમણીને સખીઓની સતાવણી પ્રતાપ આવતા પ્રેમીઓનો પ્રેમરંગ વાઘદષ્ટી ગેર થતાં સખીઓની સ્હાય માટે બુમ. પ્રતાપનું વાઘનાનાસ માટે જતાં આકાશ માર્ગેથી બહાદુરનું એરો-પ્લેન પર આવી વીરમણીનુ હરણ અને આકાશ ગમન. પ્રતાપ દીલાવર

અને સીપાઇઓએ એરોપ્લેન ઉપર ગોળીબહાર કરતા એરોપ્લેનમાંથી એક સરદારનું ઘાયલ થઇ જવું બહાદુરે એરોપ્લેનમાંથી ગોળીબહાર કરતાં દીલાવર તથા પ્રતાપના બે સૈનીકોએ ઘાયલ થવું વીરમણીનું હરણ

ભયંકર ટેબલો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.–માર્ગ,—વીરમણીના હરણથી રહસ્યથી આઘાત પામેલો પ્રતાપસીંહ રોષે ભરાયલા પ્રતાપની ક્રોધીત જ્વાળા, પ્રતાપ પાસે જવા નીકળેલા દીલાવરનો માર્ગમાંજ ભેટો હકીકતમાં જણાવતાં યુકતીથી પ્રતાપસીંહ પાસેથી વચન લઇ વીર દીલાવરનું પોતાના આર્ય હીન્દુ મીત્ર માટે સાહસ ખેડવા તૈયાર થવું મીત્ર ધર્મનો સત્ય પ્રકાસ હીન્દુ મુસલમાનના ઐકયતાના સાર્થીક રૂપ મીત્ર ધર્મ બજાવતા દીલાવરનું વીરમણીની મુકતીમાં જવું હીંદુ મુસલમાનની ઐકયતાની પરી સીમા.

પ્રવેશ ૨ જો,—બહાદુરની છાવણી. બહાદુરનું આકાશ માર્ગેથી એરોપ્લેનલઇ ઉતરવું વીરમણી પ્રત્યે પ્રેમમાગણી વીરમણીના અડગ જવાબ ધર્મ અધર્મ પર તીખી તકરાર વીરમણીની પ્રભુપર આસ્થા બહાદુરનું બળાત્કાર કરવા જતાં વીરમણીને છોડાવવા નીકળેલ બહાદુરનું વક્ષ પરથી ગોળી બહાર કરતા બહાદુરની ધારણામાં ધુળ અને વીરમણીના શીયળનો બચાવ. (ટેબલો)

પ્રવેશ ૩ જો,—વીરસીંહનું વીચાર મુવન. અધુનીક ભાર્ત ભુમીની થએલી અધોગતી દેશ રક્ષા આદરવા હીન્દુ મુસલમાનોની ઐકયતાની અગત્ય વીષે વીરસીંહની સરદારો સાથે ચર્ચા શતરૂના ઓચીંતા [illegible]ની જાણ થતાં પ્રતાપનો વીરત્વ ટેક.— છપ્પો

આ શરીર મહી આ હાથ પગમાં, દેશ ભક્તી પુર છે.

દેશ રક્ષાની મહીં. આ પ્રાણ પણ મંજુર છે.

ભદ્ર કુમારના કુટીલ વીચાર અને યુકતીથી વેર વાળવાનો ઘાટ (નુગરોનાથ)

પ્રવેશ ૪ થો.–કારાગ્રહ—વીરમણીનું કાળાગ્રહ સેવની દયાજનક અવસ્થા બહાદુરની પુનઃ પ્રેમ યાચના વીરમણીનો અડગ ટેક સારાસાર પર સજડ વાક યુધ્ધ દીલાવરનું જેલ તોડી વીરમણીનો છુટકારો કરતાં ચોકીદારોથી અવરોધ યુધ્ધ વીર દીલાવરનું જેલ તોડી વીરમણીને લઈ છટકી જવું. (ટેબલો) (સીપાઇઓના ખુન)

પ્રવેશ ૫ મો, (ક્રમીક) જુઠા તથા ચતુર પોતાના કરેલા પ્રપંચ અર્થી હરખાય છે. પણ ચતુર મહીં રહી ગયો છે જેથી જુઠાને પોતાના માટે ભલામણ કરે છે. જુઠો પ્રતીજ્ઞા પુર્વક પરણાવવાનું વચન આપે છે પરંતુ પોતે ભુલામણીને પ્રપંચથી લાવ્યો છે. પોગળ ખુલ્લું ન થાય તેટલા માટે ચતુરને સમજાવી રવાના કરવો ને ભુલામણીના આવ્યા બાદ આવી પ્રપંચ કરવો કે તમારા બાગ બંગલામાં આગ લાગવાથી તમામ સળગી ગયું પાછળથી ભુલામણી પશ્ચાત પ જુઠાનું સમજાવવું અને પોતાના સેણીયાત મારવાડીને ફસાવવાની યુકતી ચલાવવી અને પોતે છુપાઇ જવું મારવાડીનુ આગમન તથા ભુલામણી જોઇ ફસાવું પાછળથી ચતુર તથા જુઠાએ તેને પકડી ધમકાવી લેણા રૂપીઆનુ પાણી કરાવી નવા પચીસ હજારની બાકી.

પ્રવેશ ૬ ઠો કીલ્લો—બારવટીઆથી દેશનુ રક્ષણ કરી સ્વદેશ રક્ષકની અમર કીર્તી વરવા પ્રતાપસીંહની સૈનીકોને શીખામણ દેશ રક્ષાની બાબામાં સમાયેલી આર્યને ઇસ્લામની ઐકયતા બહાદુરસીંહના તોપના મારાથી કીલ્લાનું તુટવું પ્રતાપનો અવરોધ હીત અહીત પર કેટલી તકરાર ને અંતે યુધ્ધ પ્રતાપ કેદ પ્રમાદી બહાદુરનું શીરચ્છેદ માટે તૈયાર થવું વીરમણીનો છુટકો કરી પાછા ફરતા દીલાવરની અણીના સમયમાં સ્હાય સત્ય અસત્ય પર વાકય પ્રહાર વીરમણીનાં વીરતા અને દીલાવરને હાથે બહાદુર કેદ. (ટેબલો)

પ્રવેશ ૭ મો,—પોતાના મીત્ર પ્રતાપ પ્રત્યે દીલાવરની વફાદારી; વીરમણીએ દીલાવરની બહાદુરીની પ્રસંસા; કરવી પ્રતાપના સુખદુખમા સાથ દેનાર વીર ઇસ્લામી દીલાવરનો આભાર માનવો હિન્દુ મુસ્લમાનની ઐક્યતા.

પ્રવેશ ૮ મો,—દરબાર—બહાદુરનો ન્યાય બારવટીઆના શૌર્ય પુર્ણ ગર્વિષ્ટ જવાબ વીરતાનાં કદર કરનાર ન્યાયી વીરસીંહનો કદરશુજ અને શીરચ્છેદના બદલે કેદનો હુકમ ભદ્ર કુમારની બીછાવેલી જાળથી રણમલનું પોતાની પુત્રી વીરમણીનો લગ્ન સંબંધ ભદ્રકુમાર સાથે કરવાની ઇચ્છા ચક્કર અવળુ ફરતું જોઇ દીલાવરની યુક્તીથી લગ્નનુ કાંઇ મુલતવી રખાવવુ ભદ્રકુમારે પોતાની જાળ ઉંધી વળતી જોઇ ક્રોધે બરાવવું. (ડરગો ગેરી અજહલો)

પ્રવેશ ૯ મો.-(કોમીક) ચતુર તથા જુરો બારવટીઆ બંની જંગલમાં છુપાય છે તેવામાં ચંદ કસ્તુરી આવે છે રસ્તામાં ભાતુ કરવા બેસે છે ત્યાં બન્ને એ આવી ધમકાવી લુંટ કરવા તેજુરો તથા કસ્તુરીને લઇ ડોસો ડોકરાને ભરે પાડવા અને જુઠાનુ જવું ત્યાર બાદ કસ્તુરી તથા ચતુરનો પ્રેમ અને પોતાના બાપ પાસે જવા વાંચો પુર્વક સખ કરવા ચતુરને જુલામણો કરી બન્નેએ પોતાને ઘેર જવુ

પ્રવેશ ૧૦ મો - કારાગ્રહ સામતે એક સરદારની સ્હાયથી જેનતે ડો બહાદુરને નસાડતા દીલાવરે સામતને ઠાર કરવો બહાદુરનુ સપડાઇ જવું બહાદુરસીંહ પુનઃ કેદ.

(સોનેરાનો હરીફાઈ કરે એવો ટેબલો.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—ભદ્રકુમારનો મહેલ. પ્રતાપ દીલાવર પ્રત્યે વેર લેવા આ વીરમણીને હસ્તગત કરવાના પાપી પજાડ અચાનક દીલાવર આવી પડતા કેટલાક ઉદગાર સાંભળી લેવા વફા બેવફા નીતિ અનીતી પર તીખી તકરાર ... થી ... ની ... કુદરતની અનુકુળતાએ પ્રપંચી પકડા, દીલાવરનો ... (...)

ટેબલો.

પ્રવેશ ૨ જો પ્રતાપનો મહાલય. ચંદનોદ્યાનમાં જવા સજ થઇ દીલાવરની રાહ જોતો પ્રતાપ ઉશ્કેરાયલી અવસ્થામાં આવવું ભદ્રકુમારની નીચના પ્રકાશમાં આવતા પ્રતાપનો ક્રોધ મીત્ર ખાતર જીવના જોખમે ચંદનોદ્યાનમાં તપાસાર્થે જવા દીલાવરનું તૈયાર થવું પ્રતાપના અંતરેથી મીત્ર ધર્મપર વીવાદ અને એકતાના નમુના રૂપ દીલાવરની મીત્ર ધર્મની તકરાર આગળ પ્રતાપનું મ્હાત થવુ દીલાવરનું દ્રીનીયવાર દીઠુ મીત્ર માટે જીવનનું જોખમ ખેડવા જવું (મીત્ર ફરજનુ ઉતકૃષ્ટ દ્રષ્ટાંત) એકયતાનો નમુનો.

પ્રવેશ ૩ જો. કારાગ્રહ— બહાદુરને આવેલા સ્વપ્નાથી સારાસાર સમજાવતાં શેતાનનું સકંજામાં ફેરવવુ ભદ્રકુમારની કુટીલતાનો અંક બહાદુરને પોતાના તરફદમાં લાવવા સમજાવી લાલચ આપવી બહાદુર

બહારવટીઓનો તુચ્છકાર અને શુભ શીખામણ ધર્મ અધર્મ સત્ય અસત્ય પર પ્રબળ વાક્ય યુદ્ધ ક્રુર ભદ્રકુમારના હાથે બહાદુરસીંહ ઠાર ખુનપર ખુન. (ટેબલો)

પ્રવેશ ૪ થો ચંદનોધાન વીરહી બાળાનો વીરહ વીનોદ ભદ્રકુમારની કુટીલતા વીરબાળાની વીરતા અને ઝપાઝપી દીલાવરની સહાય અને ભદ્રકુમારથી અવરોધ (સીન ટ્રાન્સફર) (વીકટ માર્ગ)

પ્રવેશ ૫ મો વીરમણીને ઉઠાવી આવના ભદ્રકુમાર પાછળ દીલાવર પ્રતાપની સહાય વીરમણીની મુક્તી અને દીલાવર ઘાયલ દીલાવરની પોતાને માટે થયેલી આવી સોચનીય દશાપર પ્રતાપને હૃદય વીદર્ણ સંતાપ ભદ્રકુમારની વધુ સહાય લઈ ખુનના આરોપ માટે ઉભય મીત્રોને કેદનો હુકમ

વીરોની વીરતા નથી ભગ્ન ધરતા
શુરવીરો કદી સંગ્રામમાં લડતા.
નથી ડર આણુતા ઉરે,
લડી સંગ્રામમાં મરતા.

ભદ્રકુમારના સૈન્ય સાથે ભદ્રકુમારનો એકયતા ઉપર વાક્ય પ્રહાર યુધ્ધ પ્રતાપ દીલાવર કેદ, (પાપી પ્રદર્શન) ભદ્રખાનનું પિત્ર દ્રોહી કાવતરૂં છુપા વેશમા વીરમણીએ ભેદ જાણી જતાં પાપીઓના પ્રપંચને જડમુળમાંથી ઉખાડી નાખવાનો દૃઢ વીચાર.

પ્રવેશ ૬ ઠો—કોમીક ચંદનદાસ તથા રોહીણી કસ્તુરીના હરણથી તથા લુટાવાથી રોવે છે, તેવામાં ભૂલામણી આવે છે તે પણ વાત જાણી રોવે છે ત્યાં કસ્તુરી તથા ચતુર આવે છે. તેને જોઇ બધાએ ખુશી થયું. બારવટીવાના હાથમાંથી ચતુરે બચાવી તેથી તેનો આભાર માનવો ચતુરે તે ઉપકારના બદલામાં કસ્તુરીના પ્રેમની માગણી કરવી, ચંદનદાસે ના પાડવી પાછળથી જુગો સીપાઇને લઇ આવે છે. અને પોતે ઠગ બની આવેલ તે વખતે સોંપેલ તજોરી તથા રૂપિયાની માગણી કરવી ચંદનદાસે ચોરાઇ ગયુ તેવો જવાબ આપવો જેથી જુગાએ જમાદારને સમજાવવા કે પ્રપંચ છે માટે મારી ફરીયાદી લઇ તેને કેદ કરો ચંદનદાસની આજીજી છેવટે પોતાની નાની દીકરી કસ્તુરી ચતુર સાથે પરણવવા વચન આપે છે જેથી જુગો જમાદારને ચા

પાણીના પૈસા આપી દેવાના કરે છે પાછળથી બન્નેનો હસ્ત મેળાપ તથા જુદાનો આનંદ—

પ્રવેશ ૭ મો. કારાગ્રહ—પ્રતાપ દીલાવરની કંગાળ અવસ્થા ભદ્રકુમારે દીલાવરને પ્રતાપનો પક્ષ તજી દેવા લલચાવવો વીર દીલાવરનો દીલાવરી ટેક.

હાથમે હો હથકડી, ઔર પયરમે જંજીરહો,
દોસ્ત ખાતીર ગરદનકી હીલતી ગલે શમશીરહો,
હીલતી ગલે શમશીરહો આંખોકે માંનીદ તીરહો,
પરવા નહીં યેહ જાનપે જેહમત ખોલા આખીરહો,
હીંદુ મુસલમાં એક દીલમે જીન્દગી આખીરહો,
ભદ્રકુમારની નીર્લજતા કુટીલતાનો આદર્શ ચીતાર.)


પ્રવેશ ૮ મો— ભદ્રકુમારની રાખેલી ચંપા નાયકાનું રાણીપદ માટે મલકાવું ભદ્રકુમાર દોસ્તો સાથે આવવું નાચરંગ ભદ્રકુમાર પાસેથી રાણીપદ લખાવી લઇ આનંદમાં મલકાવું.

પ્રવેશ ૯ મો—દરબાર પ્રતાપ દીલાવર ન્યાયસન સમક્ષ. વીરમણીનું ગુપ્ત વેશે આવી પ્રપંચ પ્રગટ કરતા ભદ્રકુમાર સાથે સત્ય અસત્ય ધર્મ અધર્મ નીતી અનિતી વફા બેવફા પર ઝપાઝપી પ્રપંચ પ્રગટ થતાં ભદ્રકુમારનો આત્મઘાત.

પાપ છુપુ રાખે છાનું ન રહે ખુલ્લુ થશે.
ઘડો જે પાપનો પુરો ભર્યો અંતે ફુટી જશે

પ્રતાપ દીલાવર નીર્દોષ કેશરક્ષા કરવા ભારતવાશી દેશબન્ધુ આર્ય ઇસ્લામીઓની ઐક્યતાના પ્રબળ પુરાવારૂપ નાટકની સમાપ્તી સાથે પ્રતાપસીંહને રાજ્યાભીષેક વીરમણી જ.ને પ્રતાપનો હસ્ત મેળાપ.

આનંદ **આનંદ** **આનંદ**



પાત્ર પરિચય.

પુરૂષ વર્ગ.

વીરસીંહ—અમરગઢનો મહારાજા.

ભદ્રકુમાર—વીરસીંહનો કુટીલ કુમાર (કાળોનાગ)

પ્રતાપ—વીરસીંહનો સરદાર (નાટય નાયક)

દીલાવર—વીરસીંહનો મુસલમાન પ્રહાર (એકવતાની આદર્શ મુર્તી)

રણુમલ—પુષ્પાવતીનો ઠાકોર (વીરમણીનો પીતા)

બહાદુર—અમરગઢ પર ચઢાઇ કરનાર વીરરાજ બારવટીઓ.

જુઠો—વણીક જ્ઞાતીમાં ઉત્પન થએલ ભુલામણીનો આશક સોનેરી ટોળીનો મેમ્બર નં. ૧ ખાપરો.

ચતુર—જુઠાનો નાનો ભાઇ સોનેરી ટોળીનો મેમ્બર નં. ૨ કોડીઓ પાછળથી કસ્તુરીનો આશક.

ચંદનદાસ—ભુલામણી તથા કસ્તુરીનો પીતા પાછળથી જુઠા તથા ચતુરનો સસરો,

સ્ત્રી વર્ગ.

વીરમણી—રણુમલની પુત્રી પાછળથી પ્રતાપની પ્રેમદા

કોકીલા / **શાન્તા** / **મેના** — વીરમણીની મુખ્ય સખીઓ.

ભુલામણી—ચંદનદાસની પુત્રી પાછળથી જુઠાની માશુક,

કસ્તુરી—ચંદનદાસની પુત્રી પાછળથી ચતુરની માશુક,

સામંત, સંત્રીસ, બારવટીઆ, લોક, દાસીઓ, ગાયકાઓ વગેરે

ૐ

વીર પ્રતાપ નાટકના ગાયનો.

નટી-બાળાઓ. **મંગલાચરણ.**

શ્રી વર શ્રી કમળાકર.
કેશવ સંભવ ભાજન ભુદર .... શ્રી.
માંગલ્ય કારી લીલા વિસ્તારી,
મુકુંન્દ માધવ હે મદહારી,
ધર્મ ધારી અસુર મારી,
જગતનું જેને લીધા તારી,
ગોવિંદ ગીરધારી. અઘહર શ્રેયકર.......શ્રી

બાળાઓ— ૨

કરે સફળ જીંદગી કરેરે દેશની સેવા હૃડે ધરે,
દેશની શેવા હૃડે ધરે તે અમર વિજય માળને વરે-કરે.
અન્ય શુભ કૃત્ય નહી દેશ સમ માતૃ ભમી દુઃખ હરે,
સુત્ર સમજીએ આર્ય ઈસ્લામી ધરી એકયતા ફરે--કરે.
હીન્દ વીર સૌસંપ ધરીને સ્વદેશ રક્ષા ગૃહે,
દેશોદ્ધાર થશે તો પળમાં ગર્વ ભારતનો સરે—કરે

લશ્કર— ૩

દેશ રક્ષા મનમેં શુરવીર ધરી શત્રુ દળને હણશે,
ભારી હર્ષ હીન્દ તારશે ધૈર્ય ધારશે;
દેશ દાઝ વ્યાપી હીન્દ બાળમાં,
આત્મ ભોગ આપો સૌએ સાંભીને;
શત્રુ હણો એક પળમાં બોલો વાહ વાહ વાહ. (૩)

ભુલામણી— ૪

હું મદમાતી ભુલામણીના નામે હું પંકાતી

કોઈ લેરી જોઈ લચકાતી તુ લટક છબી લેનાતી—હું
ભર જોબનમાં ઝોલાં ખાતી દેવ દરશ વીણુ જાતી
નોરખી કંઈ કંઈ અતર કળીઓ ખીલીને કરમાતી,
આ રસથી છલકે મુઇછાતી— હું મદમાતી

ભુલામણી જુ ાબાઇ ૫

હુંતો વારૂં (૨) આ તન મન ધન તમપર કુરબાન
આજ મારા આંગણુમાં શે.ભાવશો — હુંતો
અમે પરદેશી (૨) પ્રેમ ભુખ્યા લડકાયા મેમાન
આજ મારા આંગણુા શોભાવશો
નખરા ઓછા કરો આ કાળજું કોરાય જો,
સુરતી જોઇ મીઠીસુને કાંઈક કાંઇક થાય જો
હાથ મારી નખ્યા કે નીચે પાડી નખ્યા (૨) અમે

કેસ્તુરી— ૬

અજબ સુરત મદભરી આ મોહની શોભાવતા,
રંગીલો કોઈ લાલને લહુ બનાવતા— અજબ
રંગ રૂપમાં રઢીઆળી હું છેલ છબીલી મતવાલી
પરણીને પરવશ થાવાની રસીઆને રીઝવવાની,
અલબેલા કોઇ છેલની છબી છુપાવતી
હુંતો છબી છુપાવતી એની છબી છુપાવતી.

જુઠો ભૂલમણી— ૭

હોલના આ ામ અમારા છો શ્યામ અમારા
સલુણા લોચન તારા,
ભલા ભલાને ભુલાવે ભુલામણીમાં લાવે,
જુઠીયો જાળમાંહી નહીં આવે
ભુલામણી એવા બોલ રસાળા—દીલ
પરવશ કીધો તેં રાખ હ્રદયમાં
દીધાં છે પ્રેમના તાળા—સલુણી

એ ઉરના બંધન બળવા નવ છુટે પ્રાણુ મારા
જોડુ જુગતું થયું આપણું જગતના લોકો જોશે
આ બુલબુલને જોઇ કુંઇકતો માથે એઠી રોશે
કહેવાં સહુ તમારી વહુ હોયરે વહુ—બુલા—

સખીઓ. વીરમણી— ૮

સાખી.

વસંત રૂતુ સમ ભાર્તના પુર્ણ કરે પ્રભુ કામ,
ભેટે બંધુ ભાવથી આર્ય અને ઇસ્લામ.
ભારતી માતાના સૌ મળી ગુણ ગાવો,
ગાવો હીન્દના બાળો ગુણ ગાઇ હર્ષો દહાવો;
દેવી હીન્દ માત પ્રેમે પુજન કરીએ આપનું—ભારતી.
દેશીઓને હર્ષથી આજે વધાવીએ,
અર્પી સહાય એની અંતર રીઝાવીએ;
લાવો વીજય માળ દેશના ભકતોને
કંઠે શોભાવીએ—ભારતી.

સાખી–હીન્દ માતાના પુત્રો સૌ હીન્દી મુસલમાન
સંબંધ સમજીએ સખી જળને મીન સમાન.
ધન્ય ભાગ્ય આજ દીને ભાર્તનારે લોલ,
આર્યને ઇસ્લામ અંતર એક કરે લોલ;
સુખનો સુરજ [illegible] લોલ,
સાચા વીર્યોના [illegible] કંઠેરે લોલ—ભારતી.

વીરમણી— ૯

છોડોજી ના શરમાવો રસીયાજી પ્રેમે સીધાવો,
સખીયો આવી તમ જાવો કરે હાંસી નહી શરમાવો—૨.
પ્રતાપ–શાને સુંદરી તું શરમાયે, આવો આજે મળીયે.
વીર—જાવોજી [illegible] (૨)
પ્રતાપ-પ્રેમનો પ્યાસી થઇશ ઉદાસી,

ચપળા—ઓં ઓં ઓં ઓં .... આશું કરોછો:
પ્રતાપ—અરે ચુપ ચુપ
ચપળા—ઓ હો હો હો હો
વીર—નાથ નહી શરમાવો. રસીયાંજી છોડો-
વીરમણી— ૧૦

વદન વ્હાલું લાગે મોહનનું મને,
વિરહે વીપદ વ્હાલા કહું શું રે તને.
દીસે દુ:ખ દીલમાં ભારી વ્હાલા વીચારજોરે,
ઘેલી થઈ ઘેલી પીયુ નામ ઉચારજો.
વીના વ્હાલા ના સુખ થાય (૩) મન મુંઝાય—વદન
વ્હાલા વિરહે જીવ જાય મનડું મુંઝાય છે,
દેખી વૃક્ષ વળગી વેલી દીલડું દુખાય છે.
રહે હૈયેના હામ હામ હામ વીના શ્યામ.... વદન.

બાળાઓ— ૧૧

સખી શાને અધીરી બેની આવી,
રેલવશે રસથી પ્રીતમજી પ્રીતે બાહુ તાણી,
પછી ધીરી અધીરી પડને શાણી, રેલવશે-
વીર— બેની બધી થઈ એક સંપે મુજને નહી મુઝાવશો.
અજાણી લાગી ઠેસતો છોઠો નહી ચીડાવશો.
સખીઓ- જાણી અજાણી મુખ કહીનઃ અમથકી ફાવી જશો,
ચાળા તજી સાચું કહો મનમાં છુપાવી શું હશો. સ.
સખીઓ- ૧૨

વાહરે રસીલી પ્યારી વાહરે છબીલી પ્યારી,
લટકેથી લોભાવો જોઈલે, (૨)
અજબ આંખનો ચાળો, વાહરે
પ્રતાપ— સાખી
આ ગાલની લાલી ઉપર બુલબુલ મરી મરી જાય છે.

વીર—આ વ્હાલની પ્યાલી ઉપર મુજ મનડું હરખાય છે.
બાળા—આ વાદરાને વાંદરીનો ખેલ અહીયાં થાય છે.
ભાઇ આમ બેરી જોઇને દુનિયા દીવાની થાય છે,
સખી-વ્હાલાને કેવી વીંટાણી સખી શાણી સમજુ છે.
જોઇલે (૨) અ જ બ... વાહરે.

અંક ૨ જો.

પ્રતાપ— ૧૩

અંતર અંતર બળગી રહું છું,
દેવ થયો કોપ હૈયે ધરૂં છું.... ....અંતર
પ્રેમે ભીંજાઇ પ્રથમ રીઝાઇ
વિરહે મુંઝાઇ આજે રહું છું.... ....અંતર
અંતર ધ્રૂજે લ્હાયન બુઝે,
કાંઇ ન સુઝે પ્રેમ સહુ છું... ....અંતર

વીરમણી— ૧૪

દીન બંધુ દીન બાળની અરજ સ્વીકારોએ.... ....
તારો રહારો,
કામી રીપુના કર્મથી દાસી ઉગારો એ... ....
કષ્ટ નીહારો.
પંચાળી પુર્યાં ચીર અને મીરાં બચાવીએ.... ....
વીપે ઉગારી,
સીતાને ફરી સ્હાય છે વનવાસ કરાવીએ.... ....
રાવણ મારી— દીન
સંકટ તણીના ન્યુનતાના ગુણનો આરીએ.... ....
કાંઇ વીચારો,
કરજો ક્ષમાજો કંઇ થયો હોય દોસ જે મારોએ.... ...
આધાર છે તારો— દીન

૧૫

વ્હાવ્હા કેવી રઢીયાળી મીઠીને મરમાળી
આરી આંખલડી અણીહાર છે,

પીસી જોબનની બહાર
આખા જીવનનો સાર
મારો સુંદર શણગાર છે— ન્હાન્હા,
વીરહ તાપે હાય તપેલી યૌવન મદ મલકાતી.
ગજગામીનીને મદમાતી કટી કેવી લચકાતી,
હું ચાલુછું મચકાતી— ન્હુન્હા,

ભુલામણી મારવાડી— ૧૬

લહેરી લાલછો લટકાળા તું મોંઘો મોહન મારા,
મોતીડાં મોંઘા લાવો આ માળમહીં મઢાવો,
ચાલું લટકતી થઈને શેઠાણી,
ચાવી તીજોરીની લાવો (૨)
ભલે પરણીને તજે પ્રીતમજી
ભોળી ભામાને ભમાવો—
પરો અડોસે હીરા મોતી હેઠાની હું લાવું,
લાડીજી સેવક બન જાવું ચારો હુકમ ઉઠાવું
માફો ઠાવરીઓ–ટેહરો

જુઠો ચતુર ૧૭

હું ખાપરો તું કોડીઓ બની જોડી વીંછીને સાપની
મીઠા મીઠા હસીને પુછવું છે બુધ્ધી કોના બાપની
પોલો સૌ સંસાર તેમાં પરવા કરોનાં પાપની
શ્રી કૃષ્ણ ગીતામાં કહી ગયા છે, છે બુધ્ધી કોના બાપની
સાચાને જુઠું સમજાવું એ વીદ્યા છે આપણી,
મીઠા મીઠા થઈને પુછવું છે બુધ્ધી કોના બાપની.

વીરમણી— ૧૮

હીન્દુ મુસલમીન ભાઈ સંપીને સહુ સાથ રહો,
બેઉના એક તાત સમજી ખુદાનું નામ લહો,
અનેક રૂપે એક છે જ્યાં, પ્રભુ ખુદા ખુદ સહી.
જુજવી ડાળી દીસે પણ વૃક્ષ એક કહો,
તજીને ભીન્નતા ભાઈ સજીદ્યો એકયતા સઘળા,
ચયેલું ભુષણ ભારતનું મન ધરો— હીન્દુ

નાયકાઓ— ૧૯

હાં... .... લાગી કટારી, કાન કારી એ ભારી.
રંગીલો કાન ક્યાં ગયો,
બંસી બજાવી રીઝાવી હડીલો કાન ક્યાં ગયો,
હું રડતી પડી છું રે ઉદાસ અરે હાં મુંઝાવેશું કાનુડો
વીણાના નાદે તેંતો મુજને રીઝાવીને
પહેલે કીધી બદનામરે (૨)
દઇ ઠેલી ધકેલી રંગીલી રસીલી.
રંગીલો કાન ક્યાં ગયો.... .... હાં....લાગી.
ધુન ધુન નગ નગ જગત નગ નગ ધરકી
જગત કુંક થરકી કુંજે રંજ કુંજે રંજે કુંજે......હાં

કસ્તુરી ચતુર ૨૦

પાતળીઆ તારા પ્યારમાં મુજને પરવશ કીધી,
આ ચતુરાએ પણ ચતુરીને કેવી બાંધી લીધી,
લોક શેર આ સવાશેરની તો જુક્તી જોડ મજાની.
લુંટારો થઇ લુટી લીધી પ્રેમ પરવશ કીધી-- પા.
આંધળો પડી મને બનાવી કરી મશ્કરી મારી. બહુ
નયન ઇશારે લલચાવી ગઈ મુજને બનાવી- પા.

અંક ૩ જો.

જુડો ચતુર ભુલામણી— ૨૧
ચંદનદાસ કસ્તુરી રોકડણી

આવી કરી આવી કરી આવી કરી જુડાભાઈ (૨)
બુઢ્ઢી કોઈના બાપની જગત બારમા
હારીને આવ્યો છે હાલ ઠેકાણે આ લોભીલાલ (૨)
હે અડગંગજી બજરંગ.
હે બુઢ્ઢી કોઇના બાપની જગત બારમા

જુઈ—આંગણું ચોરી બંધાવો.
કસ્તુ—વર કન્યા ને પધરાવો,
ચતુ—મધુરાં વાજાં વગડાવો,
જાુઠો—ઢીંગ ધતીંગ ઢીંગ ધતીંગ ઢીંગ ધતીંગ
ઢીંગ (૭) આવી કરી

ચંપા— ૨૨

ખીલેલું યોવન કરમાયે
અંગે અંગ અનંગ ઉભરાયે પસીનાથી વસ્ત્રો ભીંજાયે
કુચ ભારે કમળી કટી લચકે નીવી તુટી જાય
હાય મારી નીવી તુટી જાય—ખીલે
ગાલ તણી સુરખી સુકાયે અધરામૃત અધરોથી જાયે,
મંદ ગતીને નયન નચાવે (૨) દીલે દર્દ થાય—ખીલે

ચંપા-નાયકા— ૨૩

હઠ છોડ સખી ચલ સંગ મેરે,
તોહે બ્રજમે કાન બુલાવત હય.
નહી તુમ બીન વાકો ચેન પડત,
નહી ખાન પાન કછુ ભાવત હય,
વાતો મોર મુગટ નહી પહેનત હય,
નહી અંગ સુગંધ લગાવત હય.
ધેનુ ચરાવન જાત સખી,
મોહે બંસી નાવન ભાવત હય.
કસુ અચોસો હુએ તેરો કઠીણુ ભયો,
તોહે લાજ શરમ નહી આવત હય.
જાકો જોગી જન ધ્યાન ધરત,
[illegible] પાર ન પાવત હય.

તોરી પ્રતી મૈં ભુલ ગૈયે પ્રભુતા,
                    તકસીર વો માફ કરાવત હય.
એક બાત ન કહું સજની,
                    અબ કહું ઇતનો તરસાવત હય.
પીયા માપોસે ભેટ મીલો પ્યારી,
                    વોતે તે રોહી નીજ ઉઠાવત હય.


ચંપા— ૨૪

આવો પ્રાણના આધાર મારા હૈયાનાં હાર,
હાસીને રંગમાં રમાડજો,
કામણગારા રઢીયાળા શાણું સુંદર સરદાર,
ચંપાને ચીતથી ચાહજો.

ભદ્રકુમાર—ઝુલામાં સાથે રહી પ્રેમથી ઝુલાવજો,
શાણું સદા વીશુદ્ધ પ્રીતીને નીભાવજો,

ચંપા—કરી ઘાયલ મારી મને પ્રેમની કટાર,
ચંપાને ચીતથી ચાહજો... ... ...આવો

શાન્તિ. શાન્તિ. શાન્તિ.



જાહેર ખબર

—————:o:—————

નીચેના પુસ્તકો જ્યાં જ્યાં કંપનીનો મુકામ હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે

નામ.	કીંમત.
જુલમી જાલમ...	o—3—o
જાળંધર	o—3—o
પ્રભા કુમારી...	o—3—o
અમન ચમન...	o—3—o
કપટનો કેહર...	o—3—o
વામન અવતાર.	o—3—o
વીર કેશરી...	o—3—o
ઉષા હરણ...	o—3—o
શ્રી સત્યદેવ...	o—3—o
રા' નવઘણ......	o—3—o
વીર જરાસંધ...	o—3—o
વીર છત્રસાલ...	o—[illegible]

માલેક શ્રી. બિ. વિ. ના. કંપ

